# BUSINESS મિત્ર

બ્રોડર માર્કેટમાં નીચલા સ્તરેથી રીકવરી જોવા મળી

## સેન્સેક્સ 45 પોઇન્ટ નીચે, નિફ્ટી સપાટ પણ રોકાણકારોએ એક દિવસમાં રૂ. 2.42 લાખ કરોડની કમાણી કરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 8:** વૈશ્વિક સંકેતોની વચ્ચે ભારતીય શેરબજારમાં સાંકડી વધઘટ વચ્ચે સપાટ બંધ રહ્યા હતા. જેમાં સેન્સેક્સ નજીવો ઘટયો હતો, જ્યારે નિફ્ટી સપાટ રહી હતી. આમ છતાં, બ્રોડર માર્કેટમાં રીકવરીના પગલે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.42 લાખ કરોડનો વધારો જોવા મળ્યો હતો.

આજે સેકટરો વાઇઝ જોઇએ તો આઇટી, બેન્કીગ અને કન્ઝયુમર ડયુરેબલ શેરોમાં ઘટાડાના લીધે આ સેકટરના ઇન્ડેક્સ લાલ નિશાનમાં રહ્યા હતા, આ સિવાયના તમામ સેકટરો પોઝિટિવ જોવાયા હતા. જેમાં કેપિટલ ગુડઝ ઇન્ડેક્સ સૌથી વધુ ઉછળ્યો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપ ફરી એકવાર 400 લાખ કરોડને પાર નીકળ્યો હતો. જે આજે 400.85 લાખ કરોડ પર પહોંચી ગયો હતો. જ્યારે ગત સેસનમાં માર્કેટ કેપ રૂ. 398.43 લાખ કરોડની હતી. જેથી રોકાણકારો રૂ. 2.42 લાખ કરોડ કમાયા હતા. આજે શેરબજારમાં 154 શેરોએ બાવન વીકની નવી ઉંચાઇ હાંસલ કરી હતી, જ્યારે 31 શેરો બાવન વીકની નીચે સરકી ગયા હતા.

**સેન્સેક્સ 45 પોઇન્ટ વધ્યા, જ્યારે નિફ્ટી સપાટ**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 45.46 પોઇન્ટ એટલે કે 0.06 ટકા ઘટીને 73466.39 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73685 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73074 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 22302.50 પોઇન્ટના સ્તરે સપાટ બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22368 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22185 પોઇન્ટ સુધી તુટી હતી. આમ, ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 22200ની સપાટી તોડી હતી. બેન્ક નિફ્ટી 264.25 પોઇન્ટ એટલે કે 0.55 ટકા ઘટ્યો હતો, જોકે, 48000 પોઇન્ટની સપાટી જાળવીને 48021.10 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે કજરીયા સીરામીક્સમાં 32.74 ગણા, સોનાટા સોફ્ટવેરમાં 9.16 ગણા, દેવયાણી ઇન્ટરનેશનલમાં 7.84 ગણા, ક્રેડિટ એક્સેસ ગ્રામીણમાં 6.58 ગણા, ઇન્દ્રપ્રસ્થ ગેસમાં 4.97 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સોનાટા સોફ્ટવેરમાં 17.9 ગણા, કેપ્રી ગ્લોબલમાં 15.82 ગણા, બાલાજી એમીનીઝમાં 9.33 ગણા, ક્રેડિટ એક્સેસ ગ્રામીણમાં 9.08 ગણા, ક્વીસ કોર્પમાં 7.58 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં આજે નીચલા સ્તરેથી રીકવરી જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.78 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.50 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો હતો. બીએસઇ ખાતે 2133 શેરો વધ્યા હતા, જ્યારે 1662 શેરો ઘટયા હતા અને 131 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ શેરોમાં સુધારો જોવાયો હતો. આ ઇન્ડેક્સ 1.70 ટકા વધ્યો હતો. જેમાં ગેઇલ, પેટ્રોનેટ એલએનજી, ઇન્દ્રપ્રસ્થ ગેસ, મહાનગર ગેસ, બીપીસીએલ, આઇઓસી, એચપીસીએલ, ગુજરાત ગેસ, ઓએનજીસી અને રિલાયન્સ ઉછળ્યા હતા.

બીએસઇ એસએમઇ ખાતે સ્ટોરેજ ટેકનોલોજીના આઇપીઓનું 90 ટકા પ્રીમિયમ સાથે રૂ. 148.20ના સ્તરે લિસ્ટીંગ થયો હતો. જેને આજે અપર સર્કિટ વાગી હતી. કંપનીએ રૂ. 78ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઇપીઓ 185.19 ગણો છલકાયો હતો.

**મોટા ભાગના એશિયન બજારો ઘટ્યા, જ્યારે યુરોપિયન બજારો વધ્યા**

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારો જોવા મળ્ હતો. જ્યારે એશિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી. રોકાણકારો આ મહિનાની તેજીને આગળ વધારતા પહેલા મજબૂત કોર્પોરેટ અર્નીંગના સંકેતો શોધી રહ્યા છે. ફેડના અધિકારીઓએ નજીકના ગાળામાં સ્થિર દરોનો સંકેત આપતા આખરે વ્યાજના દરોમાં ઘટાડા અંગેના આશાવાદ પર પાણી ફરી રહ્યું હોવાથી વૈશ્વિક બજારો ઉપર તેની અસર જોવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.35 ટકા, કેક 0.99 ટકા અને ડેક્સ 0.45 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 1.66 ટકા, સ્ટ્રેઇટસ 1.09 ટકા, હેગંસેંગ 0.90 ટકા, જકાર્તા 0.49 ટકા અને શાંઘાઇ 0.62 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે કોસ્પી 0.39 ટકા અને તાઇવાન 0.23 ટકા સુધર્યા હતા.

### રૂપિયો સપાટ રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 8:** કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયો સપાટ જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો સાંકડી વધઘટ બાદ 83.51ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 89.79, પાઉન્ડ 104.35, કેનેડિયન ડોલર 60.73, ઓસ્ટ્રેલિયન ડોલર 54.83, જાપાનીઝ યેન 0.5373, સીંગાપોર ડોલર 61.60ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -45.46 | 73466.39 |
| નિફ્ટી | 0.00 | 22302.50 |
| બેન્ક નિફ્ટી | -264.25 | 48021.10 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હીરો મોટોકોર્પ | 3.06 | 4613.90 |
| બીપીસીએલ | 2.65 | 620.30 |
| તાતા મોટર્સ | 2.38 | 1012.10 |
| પાવરગ્રીડ | 2.29 | 302.00 |
| હિન્દાલ્કો | 2.14 | 633.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 3.22 | 6056.35 |
| એશિયન પેઇન્ટસ | 2.39 | 2843.30 |
| ગ્રાસીમ | 1.80 | 2377.35 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.68 | 9519.40 |
| એસબીઆઇ લાઇફ | 1.61 | 1426.75 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ


| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.25 | 301.90 |
| તાતા મોટર્સ | 2.43 | 1012.20 |
| એનટીપીસી | 1.89 | 355.65 |
| એસબીઆઇ | 1.05 | 810.40 |
| મારૂતિ સુઝુકી | 1.41 | 12541.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 2.31 | 2844.25 |
| એચયુએલ | 1.65 | 2340.35 |
| એચડીએફસી બેન્ક | 1.61 | 1482.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.76 | 8517.95 |
| એચસીએલ ટેકનો | 1.25 | 1314.00 |

## પેટીએમના ભાવમાં વધુ પાંચ ટકાનો કડાકો, ઓલ ટાઇમ લો બોલાયો

મુંબઇ, તા. 8: કંપનીમાં રિસ્ટ્રકચરીંગ થઇ રહ્યાના અહેવાલોની વચ્ચે એક પછી એક હોદ્દેદારો છોડી રહ્યા છે, જેની સીધી અસર શેરબજારમાં જોવા મળી હતી અને આજે વધુ પાંચ ટકા તૂટયો હતો અને રૂ. 317.15નો ભાવ બોલાયો હતો, જે અત્યાર સુધીમાં સૌથી નીચલા સ્તરે બોલાયો છે. આ શેરમાં ઘટાડો એબી કેપિટલ સહિત તેના ઘણા ધિરાણ ભાગીદારોએ તેના દ્વારા મુકવામાં આવેલી લોન ગેરન્ટી એનકેશ કરી લીધી હોવાના અહેવાલથી તૂટયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં પેટીએમમાં 14 ટકાથી વધુ તૂટયો હતો. પેટીએમના શેરમાં આ વર્ષમાં અત્યાર સુધીમાં લગભગ 50 ટકાનો ઘટાડો થયો છે, તેની સરખામણીમાં નિફ્ટી ઇન્ડેક્સ 3 ટકા વધ્યો છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, આરબીઆઇએ પેટીએમ પેમેન્ટસ બેન્કના બિઝનેસ પર પ્રતિબંધ મુકયા બાદ તે પછી આદિત્ય બિરલા ફાઇનાન્સ ઉપરાંત પિરામલ ફાઇનાન્સ અને ક્લિક્સ કેપિટલ જેવા અન્ય ધિરાણકારોએ પણ પેટીએમ સાથેની તેમની ભાગીદારી બંધ કરી દીધી હતી.




## ટ્રેડર્સને ઉપરની તરફ સાવચેતી રાખવા અને ઘટાડા પર ખરીદીનો વ્યૂહ રાખવાની સલાહ છે

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

**નિફ્ટી ફ્યુચરઃ છેલ્લો બંધ 22393.60.** નિફ્ટી ફ્યુચરમાં 22250ની આસપાસ સપોર્ટ છે અને વૈશ્વિક બજારમાં સ્થિરતા આવી રહી છે એટલે થોડી મજબૂતીની શક્યતા છે. સ્ટોપ લોસ 22250 સાથે લાંબા સમય માટે રાખી ટ્રેડીંગ કરવું, અપર ટાર્ગેટ 22495, 22550 માટે રાખી મૂકવું.

**મારૂતિઃ છેલ્લો બંધ 12622.15.** અમે રોકાણના દ્રષ્ટીકોણથી ખરીદી કરવાની ભલામણ કરીએ છીએ. સ્ટોપ લોસ રૂ. 12481 રાખી તાત્કાલિક દ્રષ્ટીકોણથી પણ ટ્રેડર્સ ખરીદી કરી શકે છે. આ શેરનો તાત્કાલિક ટાર્ગેટ રૂ. 12783 છે, તેને વટાવશે તો આવનારા દિવસોમાં રૂ. 12900 સુધી જઈ શકે!

**હિરોમોટોકોર્પઃ છેલ્લો બંધ 4615.** સ્ટોપ લોસ રૂ. 4495 રાખી ખરીદી કરી રોકાણ કરી રાખવું. અપર ટાર્ગેટ રૂ. 4704 માટે ખરીદી કરવી, તેને વટાવશે તો રૂ. 4790 સુધી જશે!

**લાર્સેનઃ છેલ્લો બંધ 3510.85.** અત્યારે આ શેર ઉપર કુદકો લગાડવા તૈયાર છે. સ્ટોપ લોસ રૂ. 3439 રાખી ખરીદી કરવાની ભલામણ કરીએ છીએ, અપર ટાર્ગેટ રૂ. 3591! ટૂંક સમયમાં શેર રૂ. 3665ના માર્ક સુધી જશે.

**એલકેમ લેબઃ છેલ્લો બંધ 5184.40.** અમે ઘટાડા પર ખરીદી કરવાની ભલામણ કરીએ છીએ, સ્ટોપ લોસ રૂ. 5103 રાખવો, અપર ટાર્ગેટ રૂ. 5281. જો તેને વટાવશે તો ટૂંક સમયમાં રૂ. 5366, રૂ. 5450 સુધી જશે.

**બાઓકોનઃ છેલ્લો બંધ 308.25.** ટેક્નીકલ અને ચાર્ટ આ શેરમાં સતત ખરીદીનો સંકેત કરે છે. ઓપનિંગ બેલ પર શેર ઝડપી લેવો અને ઇન્ટ્રાડે દરમિયાન તેને ઉપર જતા જોવો. ટૂંક સમયમાં શેર રૂ. 321ના માર્કને વટાવી જશે. ટૂંક સમયમાં શેર રૂ. 335, રૂ. 350 માર્કને વટાવી જશે. સ્ટોપ લોસ રૂ. 297 માટે લાંબા સમય માટે રાખવું.

**એચપીસીએલઃ છેલ્લો બંધ 525.80.** શેરમાં ભારે વધારાના સંકેત છે! સ્ટોપ લોસ રૂ. 516 રાખી ખરીદી કરવાની ભલામણ કરીએ છીએ, અપર ટાર્ગેટ રૂ. 542! ટૂંક સમયમાં શેર રૂ. 556 સુધી જશે.

**કોલ ઇન્ડ. છેલ્લો બંધ 467.80.** સ્ટોપ લોસ રૂ. 45 રાખી ખરીદી કરવી, ઉપરની તરફ શેર રૂ. 482 સુધી ઝડપથી જશે જેના પર નજર રાખવી, જો તેને વટાવશે તો તે રૂ. 489ના માર્ક સુધી જશે. ટૂંક સમયમાં રૂ. 500ના માર્કને વટાવી જશે! આ બહુ જ સુરક્ષિત અને વિસ્ફોટક શેર છે!

**ઓએનજીસીઃ છેલ્લો બંધ 278.60.** વર્તમાન સપાટી પર શેર મજબૂત થઈ રહ્યો છે. સ્ટોપલોસ રૂ. 273 રાખી ખરીદી કરી રોકાણ કરી રાખવું, અપર ટાર્ગેટ રૂ. 283, જો તેને વટાવશે તો શેર રૂ. 290 સુધી જશે.

**ઝાયડસલાઇફઃ છેલ્લો બંધ 1010.50.** ચાર્ટ સૂચવે છે કે આવનારા દિવસોમાં શેર ઝડપથી ઉપરની તરફ જશે. સ્ટોપ લોસ રૂ. 977 રાખી ખરીદી કરવી. શેર નોન સ્ટોપ રૂ. 1044, રૂ. 1075 સુધી જશે, જો તેને વટાવશે તો રૂ. 1100 સુધી જશે!

**નોંધઃ** ભલામણો ટેક્નીકલ વિશ્લેષણો પર આધારીત છે. ટ્રેડીંગમાં નુકસાનનું જોખમ છે.




**યાર્ન બજાર** — જીએસટી સાથેના ભાવ — સુરત નરેશ / મુકેશ ઘીવાળા — ૩૫૧૬૪૪૬, ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૯.૭૫ | ૫૦/૩૬ '' | ૧૩૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૬.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૬૮ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૧ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૨ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૪ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૧ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૩૧ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૨ | ૮૦/૧૦૮ '' | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |

## એસ્ટ્રાઝેનેકા કંપનીએ કોરોનાની રસીનું વેચાણ મોતથી ગભરાઈ જઈને બંધ કર્યું




ભારતનાં નાગરિકો દ્વારા રસીના ૨૨૦ કરોડ ડોઝ લેવાઈ ગયા પછી વિવાદ વચ્ચે અગ્રણી દવા ઉત્પાદક એસ્ટ્રાઝેનેકાએ તેની કોરોના રસી પાછી ખેંચવાનું શરૂ કરી દીધું છે. કંપનીએ કહ્યું છે કે તે યુરોપિયન યુનિયન દેશોમાંથી તેની કોરોના વેક્સીન વેક્સજાવેરિયા પાછી ખેંચી રહી છે. આગામી દિવસોમાં બ્રિટન અને અન્ય દેશોમાં રસી પાછી ખેંચવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. કંપનીએ ગયા ફેબ્રુઆરીમાં બ્રિટિશ કોર્ટમાં સ્વીકાર્યું હતું કે તેની રસીના કારણે ગંભીર બીમારી થઈ શકે છે. જો કે એસ્ટ્રાઝેનેકાએ રસી પાછી ખેંચી લેવા પાછળ વ્યાપારીકરણ ટાંક્યું છે, પરંતુ બ્રિટનમાં કંપની રસી અંગે ગંભીર આરોપોનો સામનો કરી રહી છે. ભારતમાં પણ કરોડો લોકોને એસ્ટ્રાઝેનેકાની રસી મળી છે. રસી અંગેનો મામલો ભારતની સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.

એસ્ટ્રાઝેનેકા કંપની વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેની કોરોના રસીથી લોહી ગંઠાઈ જાય છે અને તેને કારણે પ્લેટલેટ્સ ઓછા થાય છે. આ રસી લીધા પછી બ્રિટનમાં ૮૧ લોકોનાં મોત થયાં છે, જ્યારે સેંકડોને ગંભીર આડઅસર થઈ છે. એસ્ટ્રાઝેનેકાએ આ વર્ષે ફેબ્રુઆરીમાં બ્રિટનની હાઈકોર્ટમાં સુપરત કરેલા દસ્તાવેજોમાં સ્વીકાર્યું હતું કે તેની રસી ખૂબ જ દુર્લભ કિસ્સાઓમાં TTSનું કારણ બની શકે છે. કંપનીએ ૭ મેથી લાગુ થાય તે રીતે યુરોપિયન યુનિયનમાંથી રસી પાછી ખેંચી લેવા માટે અરજી કરી હતી.

કોવિશિલ્ડ રસીની સલામતી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં જાગૃત ભારત ચળવળ (AIM) એ ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ કર્યા વિના કટોકટી ઉપયોગ અધિકૃતતા હેઠળ મંજૂર કોવિશીલ્ડ અને અન્ય કોવિડ રસીઓની આડઅસરોની સંપૂર્ણ તપાસની જરૂરિયાતની માગણી કરી હતી. AIM ના ડેટા અનુસાર કોવિડ રસીના કારણે ૨૦૨૩ સુધીમાં ભારતમાં ૧૦,૨૭૩ મૃત્યુ થયાં છે, જેમાં ૧૮૬ બાળકોનો સમાવેશ થાય છે. AIM ના આરોપ મુજબ વારંવાર વિનંતી કરવા છતાં ભારત સરકારે નોંધાયેલા મૃત્યુ અને રસીકરણની પ્રતિકૂળ અસરો અંગે તપાસ શરૂ કરી નથી.

ભારતમાં એસ્ટ્રાઝેનેકા રસીની આડઅસર સામે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે પોતાની સંમતિ આપી છે. જો કે, ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે સુનાવણી માટે કોઈ તારીખ નક્કી કરી નથી. અરજદારે માંગણી કરી છે કે રસીની આડઅસરો અને અન્ય સંભવિત જોખમોની તપાસ નિષ્ણાત પેનલ દ્વારા થવી જોઈએ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા તેનું નિરીક્ષણ કરવું જોઈએ. અરજીમાં વળતર માટે પણ નિર્દેશો માંગવામાં આવ્યા છે. એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી ભારતમાં કોવિશિલ્ડના નામથી લોન્ચ કરવામાં આવી છે, જેનું નિર્માણ પુણેની કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે.

એસ્ટ્રાઝેનેકાની રસી ૧૮ વર્ષથી વધુ ઉંમરનાં લોકોને આપવા માટે મંજૂરી આપવામાં આવી હતી. ઓછામાં ઓછા ૭૦ દેશોમાં એસ્ટ્રાઝેનેકા રસીનું વિતરણ કરવામાં આવ્યું છે. વિશ્વભરમાં રસીના ૩ અબજથી વધુ ડોઝ પૂરા પાડવામાં આવ્યા હતા. તેમાંના ૧.૭૫ અબજ ડોઝ તો ભારતમાં કોવિશીલ્ડના નામ હેઠળ આપવામાં આવ્યા હતા. આ રસીનો ઉપયોગ બ્રિટનમાં પણ થયો હતો. જો કે, સપ્ટેમ્બર ૨૦૨૧ પછી, મોટી માત્રામાં એસ્ટ્રાઝેનેકાની રસીઓનું વિતરણ બંધ કરી દેવામાં આવ્યું હતું. ત્યાં સુધીમાં બ્રિટનમાં પાંચ કરોડ રસી આપવામાં આવી હતી. ૨૦૨૧ ના અંતમાં બ્રિટિશ સરકારે ફાઈઝર અને મોડેર્નાની રસીના ડોઝ આપવાનું શરૂ કર્યું હતું.

માર્ચ ૨૦૨૧ માં કેનેડાએ તબીબી સલાહકાર પેનલની ભલામણને પગલે ૫૫ વર્ષથી વધુ ઉંમરનાં લોકોમાં ૨ સીનો ઉપયોગ કરવા




પર પ્રતિ બંધ મૂક્યો હતો. આ વર્ષે એપ્રિલમાં ડેનમાર્ક રસી પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ યુરોપિયન દેશ બન્યો હતો. નોર્વે પણ એ જ પગલે ચાલ્યું હતું. એસ્ટ્રાઝેનેકાની રસી ભારતમાં કોવિશીલ્ડના નામથી લોન્ચ કરવામાં આવી હતી. સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાને ભારતમાં તેનું ઉત્પાદન કરવાનો અધિકાર છે. ડિસેમ્બર ૨૦૨૧ માં સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ કોવિશીલ્ડ રસીનું ઉત્પાદન બંધ કરી દીધું હતું. ગયા વર્ષે જ્યારે દેશમાં કોરોનાના કેસ વધ્યા ત્યારે કંપનીએ ફરીથી વેક્સિનનું ઉત્પાદન શરૂ કર્યું હતું.

હૈદરાબાદમાં AIM દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને કોવિશીલ્ડ રસીનાં પીડિતોને વળતર પૂરું પાડવા ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવાની, સક્રિય સર્વેલન્સ અને મોનિટરિંગ મિકેનિઝમ્સ લાગુ કરવાની, કોવિડ રસીના વૈજ્ઞાનિક આધારની સમીક્ષા કરવાની અને તેના વ્યાપારીકરણનું ઓડિટ કરવા સહિતની માગણીઓ કરવામાં આવી છે. AIM ના પ્રવક્તા સરસ્વતી કાવુલાએ ભારતીય વસ્તીને કોવિડ રસી લેવામાં ગેરમાર્ગે દોરવા બદલ આરોગ્ય ખાતાંના અધિકારીઓને જવાબદાર ઠેરવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો, જેના પરિણામે વ્યાપક મૃત્યુ થયાં હતાં.

ભારતમાં પણ કારુણ્યા જેવી વ્યક્તિઓનાં પરિવારો એસ્ટ્રાઝેનેકા અને સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા સામે કાનૂની કાર્યવાહી કરી રહ્યા છે. કારુણ્યાને કોવિશીલ્ડનો ડોઝ આપવામાં આવ્યો હતો અને રસી લીધાના એક મહિના પછી મલ્ટીસિસ્ટમ ઇન્ફ્લેમેટરી સિન્ડ્રોમને કારણે ૨૦૨૧ના જુલાઈમાં તેનું અવસાન થયું હતું. હવે ભારતમાં તેવા હજારો કિસ્સા બહાર આવી રહ્યા છે. અહેવાલો અનુસાર સીરમ ઇન્સ્ટિટ્યૂટે ન તો અત્યાર સુધી રસીના ઉત્પાદનને બંધ કરવાની કોઈ યોજના જાહેર કરી છે, ન તો તેણે છેલ્લાં બે વર્ષમાં નવા બેચનું ઉત્પાદન હાથ ધર્યું છે. જો કે, નિષ્ણાતો આગાહી કરે છે કે જે મૂળ વાયરસ સાથે કામ કરે છે તેવી તમામ મોનોવેલેન્ટ રસીઓને પાછી ખેંચી લેવામાં આવશે અને તેને અપડેટ કરેલી રસીઓ સાથે બદલવામાં આવશે.

ભારતમાં કોવિશિલ્ડ લગાવવામાં આવેલ લોકો ડરી ગયાં છે. તાજેતરમાં યુવાન વયમાં અચાનક હાર્ટ ફેઈલ થવાને કારણે મોત વધી રહ્યાં છે, તેની પાછળ કોવિશીલ્ડ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. ડોકટરો કહે છે કે કોવિશિલ્ડ રસી લેનારાઓએ ચિંતા કરવાની જરૂર નથી. લોહી ગંઠાઈ જવા અથવા અન્ય આડઅસરો ખૂબ જ ભાગ્યે જ જોવા મળે છે. એક લાખ લોકોમાંથી આવી અસર માત્ર બે-ત્રણ લોકો પર જ જોવા મળે છે. જો ડોક્ટરોના કહેવા મુજબ એક લાખ લોકોમાં બે-ત્રણને પણ રસીની આડસર થતી હોય તો ૧૭૫ કરોડ ડોઝની આડઅસર હજારો લોકોને થઈ શકે છે. હજારો લોકોમાં કોનો વારો ક્યારે આવશે? તેની કોઈને જાણ નથી. ડોક્ટર્સનું કહેવું છે કે તમારી જીવનશૈલીને યોગ્ય રાખીને તમે આ ટેન્શનથી મુક્ત રહી શકો છો.

નિષ્ણાતો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં કોવિશીલ્ડ તરીકે વેચવામાં આવેલી રસી થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ થ્રોમ્બોસિસ જેવી ગંભીર બીમારી માટે જવાબદાર છે, જેના કારણે હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધી જાય છે. ૫૦ થી વધુ પીડિતો અને તેમનાં પરિવારોએ બ્રિટિશ હાઈકોર્ટમાં એસ્ટ્રાઝેનેકા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે, જેમાં કંપની પાસેથી ૧,૦૦૦ કરોડ રૂપિયાના વળતરની માંગણી કરી છે, પરંતુ એસ્ટ્રાઝેનેકાએ તમાચો મારીને ગાલ લાલ રાખતાં જણાવ્યું છે કે રસી પાછી ખેંચવાનો નિર્ણય કોર્ટના કેસ સાથે જોડાયેલો નથી.

ભારતમાં કોરોનાની રસી સ્વૈચ્છિક હોવાનો દાવો સરકાર સુપ્રીમ કોર્ટમાં કરી ચૂકી છે, પણ હકીકત કાંઈક અલગ જ છે. ભારતમાં સરકાર દ્વારા પ્રજાને કોરોનાની રસી લેવા માટે સખત દબાણ કરવામાં આવ્યું હતું. કોઈને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવી હતી તો કોઈનો પગાર રોકી દેવામાં આવ્યો હતો. કોઈની દુકાન બંધ કરાવાઈ હતી તો કોઈને રેશન આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. હવે સરકારે વળતરની જવાબદારી પણ સ્વીકારવી જોઈએ.

**એસ્ટ્રાઝેનેકા કંપની વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેની કોરોના રસીથી લોહી ગંઠાઈ જાય છે અને તેને કારણે પ્લેટલેટ્સ ઓછા થાય છે**

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૯૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૩૭૬૦ |
| તેજાબી સોનું | ૭૩૬૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૦૦૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૭૨૨૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૩૭૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૩૮૦૦ |
| ચાંદી સિક્કા | ૮૫૩૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૬૮૦ | કોપરેલ | ૨૯૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૫૦ | વનસ્પતિ ઘી | ૧૮૮૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૭૦ | સનફ્લાવર | ૧૭૦૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૮૦ | તલતેલ | ૬૨૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૨૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૪૦ | મકાઇ તેલ | ૧૭૫૦ |
| સરસીયું તેલ | ૨૨૦૦ | | |













